ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૯/૨૦-૨૧/ 1070 તારીખ : 25 MAR 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૮૯/૨૦-૨૧

પ્રતિ,
**શ્રી જગદીશભાઈ છગનભાઈ પ્રજાપતિ,**
**ગામ-ભુતિયા, નવા પ્લોટ,**
**તા.પાલીતાણા,**
**જી.ભાવનગર.**
**મો.નં.૯૮૨૫૯ ૬૩૨૧૧.**

**વિષય : મોટી રકમનું બિલ એકી સાથે મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૮/૦૨/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૮/૦૨/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૯/૨૦-૨૧/૫૨૯ તા.૦૯/૦૨/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૯/૨૦-૨૧/૭૧૨ તા.૨૫/૦૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૦/૦૩/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, **પાલીતાણા.**

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૯/૨૦–૨૧** ☜

વાદી :– **શ્રી જગદીશભાઈ છગનભાઈ પ્રજાપતિ,**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૦/૦૩/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી જગદીશભાઈ છગનભાઈ પ્રજાપતિ – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.એમ.સૈયદ,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી જગદીશભાઈ છગનભાઈ પ્રજાપતિ, મું.ભુતિયા, તા.પાલીતાણા, જી.ભાવનગર મોટી રકમનું બિલ એકી સાથે મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૯/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૯/૨૦–૨૧/૫૨૯ તા.૦૯/૦૨/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૦/૦૩/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી જગદીશભાઈ છગનભાઈ પ્રજાપતિ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.એમ.સૈયદ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મારા વીજકનેકશનનું મને ૨૦૨૦ ઓકટોબર મહિનામાં એક સાથે રૂ.૫૯,૮૯૫/– નું બિલ આપેલ છે.

૧.૨ જેની પીજીવીસીએલ ઓફીસમાં ફરીયાદ કરતાં, યોગ્ય તપાસ કરેલ નથી. અને કોઈ જાતની તપાસ વગર કોઈ નોટીસ આપ્યા વિના મારૂં મીટર લઈ ગયેલ છે.

૧.૩ અને ત્યાર પછી પણ તા.૨૭/૧/૨૦૨૧ નું રૂ.૯૪,૪૩૦/– આવેલ છે. જે સ્થળ ઘર બંધ છે. તપાસ કરી યોગ્ય કરવા નમ્ર વિનંતી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી શ્રી જગદીશભાઈ છગનભાઈ પ્રજાપતિ ગામ–ભૂતિયા ખાતે RGPR ટેરીફ નું ૦.૫ કિ.વો.નું ગ્રાહક નં–૩૭૩૧૦/૦૦૩૩૩/૦ થી ઘર વપરાશનું વિજ કનેકશન ધરાવે છે.

૨.૨ સદર વિજ જોડાણ તા.૫/૮/૨૦૦૩ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે.

૨.૩ સદર ગ્રાહકનું વિજ મીટર તા.૪/૧૨/૨૦૨૦ ના રોજ પ્રફોર્મા–૧૫, નં–૫૩૩૪૯ મુજબ બિલના નાણાં ભરપાઈ ન થતાં, પાલીતાણા(ગ્રામ્ય) પેટા વિભાગીય કચેરી દ્વારા NPDC માં મીટર ઉતારી લેવામાં આવેલ. પ્રફોર્મા–૧૫ નં–૫૩૩૪૯ આ સાથે સામેલ છે.

૨.૪ સદર મીટર નું લેબ પરીક્ષણ તા.૯/૧૨/૨૦૨૦ ના રોજ ગ્રાહકશ્રી ની હાજરીમાં કરવામાં આવેલ છે. સદર મીટરને લેબમાં ટેસ્ટીગ બેંચ પર ચડાવી એકયુચેક વડે ટેસ્ટ લેતાં, લેબ ટેસ્ટીગ રીપોર્ટ નં–૫૩૯૦ મુજબ મીટરની Effect - ૦.૩૫ % આવેલ છે. જે માન્ય મર્યાદામાં છે. વધુમાં મીટર નો MRI લેતા તેની ચકાસણી કરતા મીટર બરાબર છે. ટેસ્ટીગ રીપોર્ટ આ સાથે સામેલ છેતથા MRI ડેટા આ સાથે સામેલ છે.

૨.૫ જુન–જુલાઈ–૨૦૧૯ ના મહિનામાં ગ્રાહક ના વિજ મીટરમાં ૧૪૬૦ KWH રીડીગ હતા.

૨.૬ ગ્રાહકની PRT-145 મુજબ ગ્રાહકને બિલીગ પીરીયડ જુન–જુલાઈ–૨૦૧૯ બિલ્ડ ઈન ઓગષ્ટ – ૨૦૧૯ મુજબ રીડીગ શરતચૂક થી પંચીગ કરતી વખતે ૧૪૬૦૦ KWH થઈ ગયેલ જેની જાણ થતા જે તે મહિના માં જ ગ્રાહકને રીડીગ ક્રેડીટ આપવામાં આવેલ. ત્યારબાદ, ઓગષ્ટ–સપ્ટે–૨૦૧૯ માં ૧૪૬૦ KWH રીડીગ ને બદલે ફરીથી પંચીગ ભૂલથી ૧૪૬૦૦ KWH થઈ ગયેલ. જેની જાણ પણ તે જ મહિનામાં ક્રેડીટ આપી દેવામાં આવેલ જે PRT-145 માં જોવા મળે છે.

૨.૭ ત્યારબાદ, સદર ગ્રાહકને ઝીરો યુનિટ ના કુલ ચાર(૪) બિલ આપવામાં આવેલ તેમજ લોકડાઉન ના સમયગાળા નું '' N '' સ્ટેટસ મુજબ નું એવરેજ બિલ ૪૫૫૦ યુનિટ નું આપવામાં આવેલ જેની રકમ ત્યાર પછીના બિલ માં ગ્રાહકના ખાતે જમા આપી દેવામાં આવેલ ત્યારબાદ,ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૦ બિલ્ડ ઈન ઓકટો–૨૦૨૦ માં મીટર રીડીગ થતા ૧૪૬૦ KWH થી ૯૬૬૪ KWH એટલે કે, કુલ ૮૨૦૪ KWH યુનિટ નું બિલ ગ્રાહકને આપવામાં આવેલ. જે બિલ ના નાણાં ગ્રાહક શ્રી દ્વારા ભરપાઈ કરવામાં ન આવેલ અને ત્યાર પછી ઓકટો–નવે –૨૦૨૦ બિલ્ડ ઈન ડિસે–૨૦૨૦ માં ૯૬૬૪ KWH થી ૧૧૦૬૫ KWH એટલે કે, ૧૪૦૧ KWH યુનિટ નું બિલ ગ્રાહકશ્રી ને આપવામાં આવેલ.

૨.૮ વધુમાં, PRT-145 પરથી સ્પષ્ટ થાય છે કે, ગ્રાહકનું બિલીગ તારીખ ૩૦/૧૧/૨૦૨૦ ના રોજ કરવામાં આવ્યું તે સમયે મીટર ના રીડીગ ૧૧૦૬૫ KWH યુનિટ હતા. આમ સદર ગ્રાહકને તેમના મીટરમાં નોંધાયેલા યુનિટ નું કુલ બિલ રૂા.૭૨,૨૮૫/– નું આપવામાં આવેલ છે.

૨.૯ ત્યારબાદ, સદર ગ્રાહક ના ખાતે બોટાદ વર્તુળ કચેરી ના ઓડિટ રીપોર્ટ નં–૮૮૬ તા.૨/૭/૨૦૧૯ ના અનુસંધાને કુલ–૨૩૧૨ KWH પેન્ડીગ યુનિટ ની લેબ રીપોર્ટ ના અનુસંધાને ડેબિટ આપવામાં આવેલ છે. જેની કુલ રકમ રૂા.૧૫૫૩૩/૫૭ ની રીકવરી ડેબિટ કરેલ છે.

P.G.V.C.L. ...vnagar. Redressal Forum

૨.૧૦ આ મીટર તા.૪/૧૨/૨૦૨૦ ના રોજ ગ્રાહક શ્રી દ્વારા નાણાં ભરપાઈ ન થતાં ઉતારી લેવામાં આવેલ જે મીટર નું લેબપરીક્ષણ ગ્રાહકશ્રી ની હાજરીમાં થતાં તેના રીડીગ ૧૧૧૭૭ KWH યુનિટ છે ને મીટર બરાબર આવેલ છે. આમ, ગ્રાહકના ખાતે (પ્રફોર્મા–૧૫) ના આધારે ૧૧૧૭૭–૧૧૦૬૫ (ઓકટો–નવે–૨૦૨૦ PRT-145) = ૧૧૨ યુનિટ ની બાકી રહેતી રકમ રૂા.૫૭૫/૦૪ ની ડેબીટ ભરવાપાત્ર થતી હોય જેની ગ્રાહક પાંસેથી બિલ પેટે લેણાની રકમ રૂા.૮૪૫૩૩/૪૧ વસુલાત પાત્ર થાય છે. નાણાંકીય વિગતવાર ગણતરી આ સાથે સામેલ છે.

૨.૧૧ આમ, સદર ગ્રાહકને તેમના મીટરમાં નોંધાયેલ યુનિટ નું કુલ બિલ રૂા.૯૪,૪૬૦/–નું તા.૨૭/૧/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ છે. જેમાં, ઓડીટ રીકવરી તેમજ લેબ પરીક્ષણમાં આવેલ પેન્ડીગ યુનિટ તેમજ PRT-145 અને MRI ડેટા પરથી સ્પષ્ટ થાય છે કે ગ્રાહકના વિજ પ્રસ્થાપન પર ઉપરોકત સમયગાળા દરમિયાન વિજળી નો વપરાશ થયેલ છે અને ગ્રાહક પાસેથી વસુલવા પાત્ર રકમ રૂા.૮૪,૫૩૩/૪૧ થાય છે. જે કંપની ના નિયમ પ્રમાણે છે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી જગદીશભાઈ છગનભાઈ પ્રજાપતિ,ગામ–ભૂતિયા,તા.પાલીતાણા માં ઘર વપરાશનુ RGPR ટેરીફ હેઠળ વિજ જોડાણ ગ્રાહક નં–૩૭૩૧૦/૦૦૩૩૩/૦ થી ધરાવે છે.

૩.૨ વાદીના વિજ સ્થાપન પર ના એપ્રિલ–મે–૨૦૧૯ ના દ્વિમાસીક બિલ માં રીડીગ લેતા સમયે તા.૨૦/૬/૨૦૧૯ ના રેંજ મીટર રીડીગ ૧૨૬૦ માલૂમ પડેલ. ત્યારબાદ,જુન–જુલાઈ બિલ્ડ ઈન ઓગષ્ટ–૨૦૧૯ ના તા.૨૯/૭/૨૦૧૯ ના રોજ પ્રતિવાદી ના મીટર રીડરે મીટર ના રીડીગ ૧૪૬૦ ને બદલે ૧૪૬૦૦ નોંધી વાદીને ૧૩૩૪૦ યુનિટ ની વપરાશનું વિજ બિલ આપેલ. જેની રકમ રૂા.૯૭,૨૮૯/૫૧ હતી. વાદીને મીટર રીડર ની ભૂલ નો ખ્યાલ આવતા વાદીએ ૧૩૩૪૦ યુનિટ અને તેની રકમ વાદીના ખાતામાં ક્રેડીટ કરેલ.

ત્યારબાદ, ફરીથી ઓગષ્ટ–સપ્ટે બિલ્ડ ઈન ઓકટો–૨૦૧૯ ના તા.૫/૧૦/૨૦૧૯ ના રીડીગ લેતા સમયે પ્રતિવાદી ના મીટર રીડરે ૧૪૬૦ મીટર રીડીગ ને બદલે ૧૪૬૦૦ લીધેલ. જેથી વાદીને ૧૩૧૪૦ યુનિટ ની વિજ વપરાશનું રૂા.૯૮,૦૬૯/૭૮ નું વિજ બિલ આપેલ. ફરીથી પ્રતિવાદીને તેની ભૂલ ધ્યાનમાં આવતા પ્રતિવાદી એ રૂા.૯૮,૦૬૯/૭૮ વાદીના બિલીગ એકાઉન્ટ માં ક્રેડીટ કરાવેલ.

૩.૩ ત્યારબાદ, ઓકટો–નવે–૨૦૧૯ અને ડિસે–જાન્યુ–૨૦૨૦ ના બે દ્વીમાસીક બિલ માં પ્રતિવાદીએ વાદીને ''૦'' યુનિટ ના વિજ વપરાશ ના બિલ આપેલ અને ફેબ્રુ–માર્ચ–૨૦૨૦ નું ૪૫૫૦ યુનિટ ની વપરાશનું ''N'' સ્ટેટસ ગણી વાદીને વિજ બિલ આપેલ.

ત્યારબાદ, પ્રતિવાદીએ એપ્રિલ–મે–૨૦૨૦ અને જુન–જુલાઈ–૨૦૨૦ ના એમ ૨ દ્વીમાસીક બિલ ''૦'' યુનિટ ના ''N'' સ્ટેટસ ગણી અને વિજ બિલ આપેલ. પ્રતિવાદીએ ફેબ્રુ–માર્ચ–૨૦૨૦ બિલ્ડ ઈન એપ્રીલ–૨૦૨૦ માં આપેલ ૪૫૫૦ યુનિટ નું ''N'' સ્ટેટસ ના બિલ ની રકમ રૂા.૩૦૯૪૮/– વાદીને એપ્રિલ–મે–૨૦૨૦ બિલ્ડ ઈન જુન–૨૦૨૦ ના તેના બિલીગ એકાઉન્ટ માં રૂા.૩૦,૯૪૮/– ક્રેડીટ આપેલ.

૩.૪ વાદીના ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૦ બિલ્ડ ઈન ઓકટો–૨૦૨૦ ના દ્વીમાસીક બિલ ના તા.૧૭/૧૦/૨૦૨૦ ના રોજ મીટર રીડીગ સમયે ૯૬૬૪ મીટર રીડીગ જોવા મળેલ. આથી, પ્રતિવાદીએ વાદીને ૯૬૬૪ (હાલ ના રીડીગ) – ૧૪૬૦ (જુના રીડીગ) = ૮૨૦૪ યુનિટ ની વિજ વપરાશનું રૂા.૫૯,૮૯૪/૮૯ નું વિજ બિલ આપેલ. ઓકટો-નવે–૨૦૨૦ બિલ્ડ ઈન ડિસે–૨૦૨૦ માં વાદીની વિજ વપરાશ ૧૪૦૧ યુનિટની માલૂમ પડેલ તેથી પ્રતિવાદીએ વાદીને રૂા.૯,૩૩૧/૭૬ નું વિજ બિલ આપેલ.

Consumer Grievance Redressal Forum, P.G.V.C.L., Bhavnagar.

૩.૫ પ્રતિવાદીએ વાદીનું વિજ સ્થાપન પરનું મીટર તા.૪/૧૨/૨૦૨૦ ના રોજ વિજ બિલ ની બાકી રકમ ન ભરપાઈ થતાં, ઉતારી ને વિજ જોડાણ કાપેલ, તે સમયે વાદીના વિજ સ્થાપન પરના મીટર ના રીડીંગ ૧૧૧૭૭ હતા તેથી પ્રતિવાદીએ પેન્ડીગ યુનિટ ૧૧૨ ની વિજ વપરાશની બિલ ની રકમ વાદીના ખાતામાં ઉધારેલ.

પ્રતિવાદીએ તેના ઓડીટ સેકશન ના ઓડીટ મુદા પરથી વાદીના બિલીંગ એકાઉન્ટ માં ૨૩૧૨ યુનિટ ની વિજ વપરાશ નું રૂા.૧૫,૫૩૩/૫૭ ની રકમ ઉધારેલ.

૩.૬ ઉપર મુજબ ના દરેક બિલ ની રકમ ની વસુલાત ગણતા, પ્રતિવાદીએ વાદી પાસેથી કુલ રૂા.૮૪,૫૩૩/૪૧ વસુલવાને પાત્ર થાય છે. તેનું સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે.

૩.૭ પ્રતિવાદીએ વાદીના વિજ સ્થાપન પરથી ઉતારેલ વિજ મીટરનું તા.૯/૧૨/૨૦૨૦ ના રોજ ટેસ્ટીગ કરતા રીઝલ્ટ બરાબર માલૂમ પડેલ.

૩.૮ પ્રતિવાદીએ વાદીના મીટરનો બિલીંગ નો હિસ્ટ્રી ડેટા (લાસ્ટ ૧૨ બિલ) રજૂ કરેલ છે જે મુજબ MRI ડાઉનલોડ ની તા.૯/૧૨/૨૦૨૦ ના રોજ વાદીના વિજ સ્થાપન પરના મીટર ના રીડીગ ૧૧૧૭૭.૬ માલૂમ પડેલ છે. તેમજ મીટર ના રીડીગમાં અને વિજ વપરાશ મુજબ MRI ડેટા જોતાં, કોઈ એબ્નોર્મલ જંપ જણાતો નથી.

૩.૯ ઉપર મુજબ ના બિલીગ ડેટા ના રેકર્ડસ, MRI ડેટા જોતાં જણાય છે કે, ઓકટો–નવે–૨૦૧૯ થી જુન–જુલાઈ–૨૦૨૦ દરમ્યાન વાદીને જે''૦'' યુનિટ ની વિજ વપરાશના બિલ આપવામાં આવેલ છે જે લોકડાઉન ના સમય માં રીડીગ ન લેવાથી જે વિજ વપરાશ ખરેખર વાદી દ્વારા થયેલ તે વિજ વપરાશનું બિલ ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૦ બિલ્ડ ઈન ઓકટો–૨૦૨૦ માં ૮૨૦૪ યુનિટ ની વપરાશનું બિલ આપવામાં આવેલ છે અને ત્યારબાદ, જે વિજ વપરાશ વાદી દ્વારા કરવામાં આવેલ છે તે રકમ ભરપાઈ ન થવાથી કુલ બિલ ની રકમ રૂા.૮૪,૫૩૩/૪૧ વાદીને ભરવાપાત્ર છે. આથી, વાદીની રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " વાદીને આપવામાં આવેલ વિજ વપરાશના બિલ યોગ્ય છે જેની રકમ રૂા.૮૪,૫૩૩/૪૧ વાદીએ ભરવાપાત્ર છે. "**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી.એન.આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ.આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— **૧૦/૦૩/૨૦૨૧.**

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.